**મુદ્દા નં.૦૮ : સલાહના હેતુઓ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ કાઉન્સીલો, સમિતિઓ વિ.:**

સુરત મહાનગરપાલિકાની વિવિધ ખાતા / ઝોનની વર્ગ–૧ ની રૂા.૧૦,૦૦૦–૧૫૨૦૦/– (પે બેન્ડ ૧૫,૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે–૬૬૦૦/–) પગારધોરણની કે તેથી વધુની જગ્યાની નિમણુંક કરવાની સત્તા ધી બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ–૫૩(૧) મુજબ જોગવાઈઓને આધીન મહાનગરપાલિકાની છે અને મહાનગરપાલિકાએ ખડી સમિતિની રચના કરેલ છે તથા વર્ગ–ર, ૩ તથા ૪ ની રૂા.૮૦૦૦/– થી ૧૩૫૦૦/– કે પે બેન્ડ રૂા.૧૫૬૦૦/– થી રૂા.૩૯૧૦૦/– ને ગ્રેડ પે રૂા.૫૪૦૦/– સુધીની કે તેનાથી નીચેના પગાર ધોરણવાળી જગ્યાઓ માટે મ્યુનિસિપલ કમિશનરશ્રી તરફથી અધિકૃત થયેલ સ્ટાફ સીલેકશન સમિતિ અને જેમાં સ્ટાફ સીલેકશન સમિતિમાંથી મુકિત મળી હોય અને મ્યુનિસિપલ કમિશનરશ્રી તરફથી અધિકૃત થયેલ કોઈ અધિકારીની નિયુકિત કરવામાં આવે છે.

આ સમિતિની બેઠકો લોકો માટે ખુલ્લી નથી. પરંતુ તેવી સમિતિની જે તે બેઠકની કામગીરી પૂર્ણ થયા બાદ તેની કાર્ય નોંધો લોકોને મળવાપાત્ર છે.